દાદા ભગવાન પરિવારનું

ઓગષ્ટ ૨૦૨૦

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# ત્રિમંત્ર



## સંપાદકીય

બાળમિત્રો,

મનને સ્થિર કરે એનું નામ મંત્ર. દરેક ધર્મમાં, જે ભગવાનને માનતા હોય એમને નમસ્કાર કરતો મંત્ર હોય છે. ભક્તો ખૂબ શ્રદ્ધા અને ભક્તિથી એ મંત્રનું આરાધન કરતા હોય છે. તો તમને નવાઈ લાગતી હશે કે આ ત્રિમંત્ર એ વળી કયો નવો મંત્ર છે...

કહું તમને.

આપણા હિંદુ ધર્મમાં ત્રણ મોટા ધર્મોનો સમાવેશ થાય છે. જૈન, વૈષ્ણવ અને શિવ. પરમ પૂજ્ય દાદાશ્રીએ, ધર્મોમાંથી પક્ષપાત કાઢવા માટે આ ત્રણેય ધર્મોના મંત્રોને ભેગા કર્યા અને એ જ છે આ ત્રિમંત્ર.

આ ત્રિમંત્રનું મહત્વ અંકાય એટલું ઓછું છે. પૂજ્ય દાદાશ્રી આ ત્રિમંત્ર માટે શું શું કહી ગયા છે એ તમને આ અંકમાંથી જાણવા મળશે. સાથે સાથે આ મંત્રમાં કોને કોને નમસ્કાર પહોંચાડાય છે એ બધું પણ સમજવા મળશે.

તો ચાલો, આ અંક વાંચીએ અને રોજ આપણે પણ ત્રિમંત્ર બોલતા થઈએ.

- ડીમ્પલ મહેતા


વર્ષ : ૧૨, અંક : ૧૨
સળંગ અંક : ૧૪૪
ઓગષ્ટ ૨૦૨૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




# અક્રમ એક્સપ્રેસ

# દાદાજી કહે છે...



દાદાશ્રી - આ અમારા આપેલા ત્રિમંત્રમાં તો ગજબની શક્તિ છે ! સર્વ દેવો રાજી રહે અને વિઘ્ન ના આવે ! આ ત્રિમંત્ર એ નિષ્પક્ષપાતી મંત્ર છે. આ હિન્દુસ્તાનના તમામ લોકો માટે છે. એટલે આ ત્રિમંત્ર બોલશો તો ઘણો ફાયદો થશે. કારણ કે આમાં ઊંચામાં ઊંચી કોટિના જીવો હોય ને, તેમને નમસ્કાર કરવાનું શીખવાડેલું છે. એમને આપણે નમસ્કાર કરીએ તો આપણને ફાયદો થાય.

પ્રશ્નકર્તાઃ ત્રણેય મંત્રો સાથે બોલવાથી શું ફાયદો ?

દાદાશ્રી : અડચણો જતી રહે. વ્યવહારમાં અડચણ આવતી હોય તો ઓછી થઈ જાય. જેમ કોઈ માણસ માથા પર ભારે વજન લઈને જતો હોય અને એમાં એ થાકી ગયો હોય. ત્યાં અચાનક એ કંઈ અણધાર્યું જુએ તો શું થાય ? એ પેલું દ્રશ્ય જોવામાં ઓતપ્રોત થઈ જાય અને એટલી વાર એ પોતાના માથા પરનું વજન ભૂલી જાય. વજન છે, છતાંય એને ભાર ન લાગે. એવી જ રીતે, આ ત્રિમંત્રો બોલવાથી સંસારમાં આવી પડેલા દુઃખનો ભાર લાગે જ નહીં !

આ ત્રિમંત્રમાં જૈનોના, વૈષ્ણવના અને શિવના, એ ત્રણેય મંત્રો ભેગા કર્યા છે. જો તમારે દેવોનો સહારો જોઈતો હોય તો બધા મંત્રો ભેગા બોલો. આ બોલો એટલો એના શાસનદેવો (દેવો જે ધર્મનું રક્ષણ કરે) હોય, એ તમને હેલ્પ કરે. જેમ પોલીસવાળાની સાધારણ ઓળખાણ હોય તો છૂટી જાય કે ના છૂટી જાય ? એમ એ દેવો આ મંત્રો બોલીએ એટલે ખુશ થાય, એટલે આપણી અડચણો નીકળી જાય.

આ ત્રિમંત્ર સવારમાં પાંચ વખત અમારું મોઢું યાદ કરીને બોલશો તો ક્યારેય દુઃખ નહીં અડે. અને ધીરે ધીરે મોક્ષેય મળશે. અને તેની જોખમદારી અમે લઈએ છીએ !



## નમો એટલે નમસ્કાર,
## અરિ એટલે શત્રુ,
## 'હંતાણં' એટલે નાશ કરનારા.




અહીં આપણે અરિહંત ભગવંતોને નમસ્કાર કરીએ છીએ. જેમણે પોતાની અંદરના બધા જ શત્રુઓ, જેવા કે ક્રોધ-માન-માયા-લોભને સંપૂર્ણપણે નાશ કર્યા છે.

અરિહંત કોને કહેવાય ? જે હાજર હોય એને. હાલમાં શ્રી સીમંધર સ્વામી અરિહંત છે. તેઓ વર્તમાન તીર્થંકર છે. તેઓ આપણી પૃથ્વી પર નથી પણ આપણી પૃથ્વીથી લાખો માઈલ દૂર, મહાવિદેહ ક્ષેત્રમાં છે. હાજર ભગવાનના દર્શન કરીએ તો કલ્યાણ થાય.

તો ચાલો આપણે જાણીએ, આવા ભગવાનની અદ્ભુત વાતો.

## ભગવાનની અદ્ભુત વાણી




અરિહંત ભગવાનની વાણીને દેશના કહેવાય. જે નિરંતર લોકોના કલ્યાણ માટે વહે. **ભગવાનની દેશના સાંભળવા સાધુ, સાધ્વી, ગણધરો, રાજા-મહારાજાઓ, દેવ-દેવીઓ, મનુષ્યો બધા બેસે. સાથે સાથે વાઘ, સસલા, સિંહ, બકરી જેવા પ્રાણીઓ પણ પોતાના હિંસકભાવ, ભય, વેર-ઝેર ભૂલીને બાજુ બાજુમાં બેસે.** દરેક જીવ પોતપોતાની ભાષામાં ભગવાનની વાણી સમજી જાય. ભગવાનની વાણીથી કોઈને ક્યારેય દુઃખ ના થાય. ખૂબીની વાત એ પણ છે કે ભગવાનની દેશના સાંભળનારા **કોઈને ભૂખ, તરસ કે થાક પણ ના લાગે.**





# ભગવાનના આશ્ચર્યો !

ભગવાન જ્યાં વિચરે ત્યાં બધી જ ઋતુના ફળ મળે. **૫૦૦ જોજન સુધી રોગચાળો ના હોય.** જીવજંતુઓનો ત્રાસ ના હોય. **કરોડો દેવ-દેવીઓ ભગવાનની સેવામાં કાયમ હાજર હોય.**

કેવી અદ્‌ભુત વાતો છે ભગવાનની ! હવે જ્યારે ત્રિમંત્રમાં 'નમો અરિહંતાણં' બોલીએ ત્યારે સીમંધર સ્વામીનું ચિત્રપટ આંખ સામે હાજર કરી, દિલથી અને ભાવથી પ્રભુને નમસ્કાર પહોંચાડીએ. ભગવાન પાસે જ્ઞાન છે, આનંદ છે. એમના દર્શન કરવાથી આપણને પણ જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય.

**નીચેના ચિત્રમાંથી એવા ૧૨ ચિત્રમાં કલર પૂરો જે ભગવાનની દેશનામાં હાજર હોય.**



# નમો સિદ્ધાણં

**અહીં આપણે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીએ છીએ.**



- **જેમણે પોતાના અંદરના શત્રુઓ પર વિજય મેળવ્યો છે.**
- **જેઓ પોતાના તમામ કર્મો પૂરા કરી મોક્ષમાં બિરાજે છે.**
- **ચોવીસ તીર્થંકરો સિદ્ધ ભગવાન કહેવાય.**




ચોવીસ તીર્થંકરો સિદ્ધ ભગવાન કહેવાય. **એમનો દેહ છૂટી ગયા પછી ફરી દેહ ના મળે.** તેઓ સિદ્ધગતિમાં નિરંતર આનંદમાં રહે.

## પ્રભુના દર્શન

ચાલો, આપણે સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, જે અત્યારે સિદ્ધગતિમાં બિરાજમાન છે, એમની એક વાર્તા વાંચીએ.

લાખો વર્ષ પહેલાની આ વાત છે. તીર્થંકર ભગવાનનો રાજમહેલ ગંગા નદીના કિનારે હતો. તેઓ ઘણીવાર ગંગા નદીના કિનારે ફરવા નીકળતા.

એક વાર જ્યારે બાળ સુપાર્શ્વનાથ ગંગા નદીમાં નૌકા વિહાર કરી રહ્યા હતા ત્યારે એક અદ્‌ભુત પ્રસંગ બન્યો. એક મોટો મગરમચ્છ

ઝડપથી એમની નૌકાની પાછળ આવી રહ્યો હતો. નૌકા સુધી પહોંચવા માટે તે ઉછળી રહ્યો હતો. કિનારે ઊભેલા લોકોએ આ દ્રશ્ય જોયું. સહુ ભયભીત થઈ ગયા કે મગરમચ્છ પ્રભુની નૌકાને નુકસાન પહોંચાડશે. પ્રભુએ પણ મગરમચ્છને જોયો. છતાંય તેઓ નિર્ભયપણે નૌકામાં બેસીને વિહારનો આનંદ લેતા રહ્યા. જાણે કે મગરમચ્છના અંતરનું રહસ્ય ના જાણી ગયા હોય !

થોડી વારમાં નૌકાની નજીક પહોંચીને એ મગરે એક જોરદાર ડૂબકી મારી. અને બીજી જ ક્ષણે નૌકાની સામે આવીને ઊભો રહ્યો. સહુ આશ્ચર્યથી જોઈ રહ્યા. ત્યાં તો મગરમચ્છે માથું ઊંચું કરીને પોતાના આગલા બે પગ બહાર કાઢ્યા, જાણે બે હાથ જોડીને પ્રભુને નમસ્કાર કરી રહ્યો હોય ! પ્રભુની અપાર તેજસ્વી, શાંત, સુંદર મુદ્રા જોઈને તેને થયું કે, "ગંગા નદીની વચ્ચે તીર્થંકર પ્રભુના દર્શનનું મહાભાગ્ય મને ક્યાંથી ! નદીમાં પ્રભુ દર્શનનો લ્હાવો ક્યાંથી મળે !" આમ, અત્યંત ઉલ્લાસથી એ પ્રભુના દર્શન કરી રહ્યો હતો.

મગર જેવા પ્રાણી પર પ્રભુનો આવો પ્રભાવ જોઈને બધા મનુષ્યો પ્રસન્ન થયા. પ્રભુએ પણ મીઠી નજરે મગરમચ્છ સામે જોયું. તેના હર્ષનો પર ના રહ્યો. અચાનક, મગરમચ્છના બદલે ત્યાં એક દેવ પ્રગટ થયા. ખરેખર તો એક દેવ, પ્રભુ સાથે પાણીમાં રમવા અને ભક્તિ કરવા માટે મગરમચ્છનું રૂપ લઈને આવ્યા હતા. તે વખતે ગંગા નદીમાં મગરમચ્છની સાથે બીજા હજારો જળના પ્રાણીઓ પણ પ્રભુના દર્શન કરવા નૌકાની આસપાસ ભેગા થઈ ગયા.

પ્રભુના દર્શનથી અદ્‌ભુત સંતોષ પામીને બધા પ્રાણીઓ આનંદમય બની ગયા. જે પ્રભુના દર્શનથી પ્રાણીઓ પણ અપાર આનંદ પામે, ત્યાં મનુષ્યોના આનંદનું તો કહેવું જ શું !

લાખો વર્ષનું આયુષ્ય પૂરું કરીને સુપાર્શ્વનાથ ભગવાન નિર્વાણ પામીને આજે સિદ્ધગતિમાં બિરાજમાન છે. 'નમો સિદ્ધાણં' બોલીએ ત્યારે આપણે સિદ્ધગતિમાં બિરાજમાન સિદ્ધ ભગવંતોને નમસ્કાર પહોંચાડીએ છીએ.



**અહીં આપણે આચાર્ય ભગવંતોને નમસ્કાર કરીએ છીએ.**

- **જેઓને આત્મજ્ઞાન થયેલું હોય અને બીજાને આત્મજ્ઞાન કરાવી શકે.**
- **અરિહંત ભગવાને કહેલા આચાર (સમજણ) જે પાળે અને બીજા પાસે પળાવે, તેમને આચાર્ય ભગવાન કહેવાય.**



# વંકચૂલના નિયમ

ઢીપુરી નગરીના રાજા વિમલયશનો પુત્ર પુષ્પચૂલ રાજ્યના લોકોને ખૂબ હેરાન કરતો હતો. એ અનેક વાંકા કામ કરતો. આથી એનું નામ વંકચૂલ પડ્યું. વંકચૂલના કારસ્તાનોથી ત્રાસીને નગરના આગેવાનોએ રાજા સમક્ષ વંકચૂલની ફરિયાદો કરી. રોજરોજની ફરિયાદોથી થાકીને રાજાએ પુત્રને બોલાવીને કહ્યું, "જો તારે સારી રીતે વર્તવું હોય તો અહીં રહે, નહીંતર નીકળી જા મારા રાજ્યમાંથી બહાર !"

વંકચૂલ નગર છોડીને નીકળી પડ્યો. એની સાથે વંકચૂલની બહેન પુષ્પચૂલા અને પત્ની પણ ચાલી નીકળ્યા. વંકચૂલ રાજપુત્ર હતો, ધનુર્ધારી હતો અને પરાક્રમી હતો. તે એક લુંટારાઓની ટોળીમાં ભળ્યો અને થોડા દિવસોમાં તો તે લુંટારાઓનો આગેવાન બની ગયો. તેણે એક સિંહગુહા નામની પલ્લીમાં તેનું નાનું સરખું રાજ્ય પણ જમાવ્યું.

એક વખત એક આચાર્ય મહારાજ વિહાર કરતા કરતા જંગલમાં અટવાઈ ગયા. ચોમાસાના દિવસો નજીક આવી રહ્યા હતા. ચોમાસામાં સાધુ આચાર્યોથી વિહાર થાય નહીં, એટલે એમણે વંકચૂલ પાસે ચોમાસા દરમિયાન સિંહગુહામાં રહેવાની પરવાનગી માંગી.

વંકચૂલે કહ્યું, "મહારાજ અહીં જગ્યાની કમી નથી પણ અમારો ધંધો ચોરીનો છે. તમે અહીં રહીને બધાને ધર્મ સંદેશ આપીને બધાના મન ફેરવો તો મારી પલ્લી ભાંગી પડે. હું એક શરતે તમને અહીં રાખું કે, તમારે અક્ષરેય કોઈને ધર્મનો ઉપદેશ આપવો નહીં." આચાર્યે વંકચૂલની વાત કબૂલ કરી.

ચોમાસું પૂરું થયું એટલે વંકચૂલ અને પલ્લીના માણસો આચાર્ય અને એમની ટોળકીને વળાવવા આવ્યા. પલ્લીની સીમા પૂરી થઈ એટલે વંકચૂલે આચાર્ય ભગવંતને કહ્યું, "મહારાજ, હવે આપણે છૂટા પડીએ છીએ એટલે આપને જે કંઈ ઉપદેશ આપવો હોય તે આપો."

આચાર્ય બોલ્યા, "વંકચૂલ, તારી ઈચ્છા હોય તો આપણા મેળાપની યાદગીરી નિમિત્તે હું તને થોડા નિયમ આપવા માંગુ છું"

"ભલે આપો પણ આપ મારી સ્થિતિનો ખ્યાલ રાખશો. હું ચોરી છોડવાનો નથી અને ચોરી કરતા મારાથી જે હિંસા થાય તે અટકવાની નથી. એટલે, આમાંનું કંઈ ના કહેશો." વંકચૂલે સ્પષ્ટતા કરી.

આચાર્યે વંકચૂલની વાત સાંભળી અને પછી એને ત્રણ નિયમ આપ્યા, "કોઈ પણ અજાણ્યું ફળ તારે ના ખાવું. કોઈ પર ઘા કરવો પડે તો પાંચ-સાત ડગલા પાછા જઈને કરવો. કાગડાનું માંસ ના ખાવું."

વંકચૂલ સહેજ વિચારમાં પડ્યો. પછી બોલ્યો, "મહારાજ, કબૂલ છે. આ નિયમો હું જરૂર પાળીશ."

દિવસો વિત્યા. એક દિવસ વંકચૂલ પોતાના ત્રણ સાથીઓ સાથે જંગલની ગાઢ ઝાડીમાં હીરા, મોતી અને ઝવેરાતના ઢગલા લઈને બેઠો હતો. ચારેયને સખત ભૂખ લાગી હતી. સાથીદારો જંગલમાંથી થોડા ફળો લઈને આવ્યા. ફળો સુંદર હતા. સુગંધ પણ સરસ હતી.

વંકચૂલે પૂછ્યું, "આ ફળનું નામ શું છે ?"

કોઈને ફળના નામની ખબર નહોતી.

વંકચૂલે કહ્યું, "હું અજાણ્યું ફળ નથી ખાતો."

સાથીદારો બોલ્યા, "તમારે ના ખાવું હોય તો કંઈ નહીં, અમે તો ખાઈશું."


ત્રણેએ ફળો ખાધા. થોડી જ વારમાં ત્રણેયની આંખો ઘેરાઈ ગઈ અને એક પછી એક ત્રણેય ત્યાં પટકાઈને મૃત્યુ પામ્યા. ફળો ઝેરી હતા.

વંકચૂલને આચાર્ય મહારાજ યાદ આવ્યા, "કેવા ઉપકારી પુરુષ ! અજાણ્યું ફળ ન ખાવાનો નિયમ આપીને મારું જીવન બચાવ્યું."

એક વખત મધરાત્રીના સમયે વંકચૂલ પોતાની કુટીરે પહોંચ્યો. દુરથી એણે જોયું કે કોઈ અજાણી વ્યક્તિ એના પલંગ પર ઘસઘસાટ ઊંઘી રહી હતી. વંકચૂલની આંખ લાલ થઈ ગઈ. એણે મ્યાનમાંથી તલવાર કાઢી અને એક જ ઝાટકે એ વ્યક્તિને ખલાસ કરવાનો વિચાર કર્યો. ત્યાં તો એને ગુરુએ આપેલો સાત ડગલા પાછા ફરવાનો નિયમ યાદ આવ્યો. તે સાત ડગલાં પાછા ફર્યો ત્યાં તો ખુલ્લી રાખેલી તલવાર ભીંત પર અથડાઈ એટલે પેલી પથારીમાં સૂતેલી વ્યક્તિ એકદમ બેઠી થઈ અને બોલી, "કોણ છે ?"

પોતાની બહેન પુષ્પચૂલાને જોઈ વંકચૂલના હાથની તલવાર એમ ને એમ જ રહી ગઈ. "બહેન પુષ્પચૂલા, તેં કેમ આપ પુરુષના કપડાં પહેર્યા છે ?" વંકચૂલે પૂછ્યું.

"ભાઈ, આજે પલ્લીમાં નાટક ભજવાઈ રહ્યું હતું. એટલે હું તારા કપડાં પહેરીને જોવા ગઈ હતી. પાછી ફરી ત્યારે થાકીને લોથપોથ થઈ ગઈ એટલે જેવી આવી તેવી ભાભીની સાથે જ ખાટલામાં સૂઈ ગઈ. પણ તમે



કેમ આટલા ગુસ્સામાં છો ?'' પુષ્પચૂલાએ પૂછ્યું.

''બહેન, આજે જો આચાર્યે આપેલો નિયમ ના હોત તો મારાથી બહુ મોટો ગુનો થઈ જાત.'' વંકચૂલે મનોમન આચાર્યને વંદન કર્યા અને પોતાને ઘોર અપરાધમાંથી બચાવવા માટે વારંવાર દિલથી ઉપકાર માન્યો.

વર્ષો વીત્યા. એક વખત વંકચૂલ એક શસ્ત્રથી ઘવાયો. ઉજ્જૈનના રાજા વંકચૂલના ખાસ મિત્ર હતા. એટલે એને ઉજ્જૈન નગરીના રાજમહેલમાં લઈ જવામાં આવ્યો. રાજ્યના વૈદ્યોએ અનેક ઉપચારો કર્યા. પણ કંઈ ફરક ના પડ્યો. વંકચૂલની નાડી તપાસતા એક વૃદ્ધ વૈદ્યને વંકચૂલના ઘાનો ઉપચાર જડી ગયો. તેમણે રાજાને કહ્યું, ''રાજન, જો વંકચૂલને કાગડાનું માંસ આપવામાં આવે તો એને અચૂક ફાયદો થાય.''

વંકચૂલે કહ્યું, ''વૈદ્યરાજ, બીજું કોઈ ઔષધ હોય તો બતાવો. બાકી, હું કાગડાંનું માંસ તો નહીં જ ખાઉં. મેં આચાર્ય ભગવંત પાસે કાગડાનું માંસ ક્યારેય નહીં ખાવાનો નિયમ લીધો છે.''


રાજાએ કહ્યું, ''વંકચૂલ તારું દર્દ મરણતોલ છે. વૈદ્યો પાસે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. નિયમમાં થોડી ઘણી છૂટ હોય. ક્યાં તારે ઈચ્છાથી ખાવાનું છે. આ તો રોગ મટાડવા માટે જ ખાવાનું છે ને !''

આ સાંભળી વંકચૂલે કહ્યું, ''મરણ આવશે તો હસતા મુખે સ્વીકારી લઈશ. પણ મારો નિયમ તો નહીં જ ભાંગુ. આચાર્યે આપેલા નિયમોએ મારું આખું જીવન પરિવર્તન કરી નાંખ્યું છે. હવે તો કોઈ પણ હિસાબે એ નિયમ હું નહીં જ તોડું.''

વંકચૂલના ધર્મમિત્રે પણ એને સમજાવ્યું, ''ભાઈ, આજે નિયમ તોડી નાખ. સાજા થયા પછી પ્રાયશ્ચિત કરી લેજે.'' પણ વંકચૂલ અડગ રહ્યો.

વંકચૂલના જીવનની અંતિમ ક્ષણો હતી. એણે બે હાથ જોડી, દિલથી આચાર્ય ભગવાનને યાદ કરી પ્રાર્થના કરી, ''હે ભગવંત આપે ચીંધેલા ધર્મનું શરણ મને ભવોભવ હોજો. મને અરિહંત ભગવાનનું શરણ પ્રાપ્ત થજો.'' અને આ બોલતાંની સાથે જ વંકચૂલનો પ્રાણ નીકળી ગયો અને એ બારમા દેવલોકમાં સ્થાન પામ્યો. અને આમ, આચાર્ય ભગવંતના વચનોને દ્રઢપણે વળગી રહેવાથી, અનેક પાપો કર્યા હોવા છતાં વંકચૂલ બધા પાપોને ધોઈને ઉચ્ચ ગતિને પામ્યો.


દાદાશ્રી કહે છે કે જેમ સિંહની ત્રાડથી શિયાળ માંસની ઉલટી કરી નાખે તેમ આચાર્ય મહારાજના પ્રતાપથી જીવો પાપોની ઉલટી કરી નાખે. દાદાશ્રી 'આચાર્ય ભગવંત' કહેવાય. નમો આયરિયાણં બોલીએ ત્યારે આપણે દિલથી દાદાશ્રીને નમસ્કાર પહોંચાડીએ અને એમની આજ્ઞામાં રહી સર્વ દુ:ખોથી મુક્ત થઈએ.



# નમો ઉવજ્ઝાયાણં

**અહીં આપણે ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરીએ છીએ.**

- **ઉપાધ્યાય ભગવંતોને આત્મજ્ઞાન થયેલું હોય.**
- **પોતે હજી શાસ્ત્રો ભણે છે અને બીજાને ભણાવે છે.**






# નમો લોએ સવ્વસાહૂણં

**લોએ એટલે લોક (બ્રહ્માંડ). અહીં આપણે આખા લોકમાં જેટલા સાધુઓ છે, એ બધાને નમસ્કાર કરીએ છીએ.**

- **આત્મદશા સાધે (પોતાના આત્માની અનુભૂતિ પામે) એ સાધુ.**



## નીચે આપેલા પીક્ચર્સમાંથી કયા સાધુ અન્ય કરતા જુદા છે એ શોધી કાઢો.



# એસો પંચ નમુક્કારો

નમો અરિહંતાણં




નમો સિદ્ધાણં



નમો આયરિયાણં



નમો ઉવજ્ઝાયાણં



નમો લોએ સવ્વસાહૂણં




**એટલે ઉપર કહેલા પાંચ ભગવંતોને નમસ્કાર કરીએ છીએ...**

# સવ્વ પાવપ્પણાસણો

## જેનાથી બધા પાપો નાશ પામે છે...

નીચે આપેલી મેજમાં એસો પંચ નમ્મુકારોથી સવ્વ પાવપ્પણાસણો સુધી પહોંચવા પંચેય ભંગવતોને નમસ્કાર કરીને ટૂંકો રસ્તો શોધો.



# મંગલાણં ચ સવ્વેસિં


# પઢમં હવઈ મંગલં

તો હવે મંગલાણં ચ સવ્વેસિં એટલે શું ?

મંગલાણં ચ સવ્વેસિંના અર્થ માટે તારે નીચેનો સિક્રેટ કોડ સોલ્વ કરવો પડશે.

**બધા મંત્રોમાં સૌથી વધુ કલ્યાણકારક હોવાથી સૌથી પહેલાં બોલાય છે.**

તારે મારી સૂચના વાંચીને આગળ વધવાનું છે. તું અહીંયા આપેલા ગાર્ડનમાં ગણિતના સવાલો સોલ્વ કર અને પછી તળાવમાં રહેલા બતક પર લખેલા તેના જવાબ મેચ કર. (જેમકે, ૫ x ૪ = ૨૦ તો બતક પર ૨૦-બધા) એટલે એ શબ્દો લઈને એમાંથી એક વાક્ય બનાવ અને એ જ વાક્ય તને આ મંગલાણં ચ સવ્વેસિં મંત્રનો અર્થ સમજાવશે.



# ૐ નમો ભગવતે વાસુદેવાય

જે નરમાંથી નારાયણ (ભગવાન) થયા તે વાસુદેવ ભગવાનોને આમાં નમસ્કાર કરીએ છીએ. તે વાસુદેવ તો કેવા હોય ?

આ કાળના વાસુદેવ શ્રી કૃષ્ણ કહેવાય. એટલે આ નમસ્કાર એમને પહોંચે છે. એમના જે શાસન દેવો હોય એમને પહોંચી જાય. કૃષ્ણ ભગવાનની મહીં સંપૂર્ણ ભગવાન પ્રગટ થયા છે માટે એ દેહધારીરૂપે ભગવાન જ કહેવાય.

કૃષ્ણ ભગવાન ક્યારેય કોઈનું અવળું જોતા નહીં. એક વખત શ્રીકૃષ્ણના ગુણોની કસોટી કરવા એક દેવે એક વિકૃત અને દુર્ગંધથી ભરપૂર કૂતરાનો મૃતદેહ તેમના રસ્તામાં મૂક્યો. પણ કૃષ્ણ ભગવાને અન્ય કશું જ જોયા વગર ફક્ત એ કૂતરાના મોતી જેવા દાંતની પ્રશંસા કરી.

બીજું એક દષ્ટાંત જોઈએ. એક વખત શ્રીકૃષ્ણ પોતાના ભાઈ બલરામ સાથે પાંડવો પાસે દક્ષિણ મથુરા જવા નીકળ્યા. રસ્તામાં શ્રીકૃષ્ણને તરસ લાગી. બલરામ તેમના માટે પાણી લેવા ગયા અને કૃષ્ણ ભગવાન એક વસ્ત્ર ઓઢીને આડા પડ્યા. દૂરથી જરાકુમાર નામના એક પારધીએ કૃષ્ણ ભગવાનના પગને હરણ સમજી, પગ પર ઝેરી બાણ માર્યું. જ્યારે જરાકુમાર ભગવાન પાસે આવ્યા ત્યારે તેમને ખૂબ પસ્તાવો થયો.

પ્રાણ છોડતા પહેલા શ્રીકૃષ્ણે જરાકુમારને કહ્યું, "બલરામ આવે તે પહેલા તમે જતા રહો. નહીં તો બલરામ તમને મારી નાખશે."

આમ શ્રીકૃષ્ણે, જીવનની અંતિમ પળોમાં પણ પોતાને મોતના મોઢામાં નાખનાર વ્યક્તિ પર પણ કરુણા જ રાખી.

**'ૐ નમો ભગવતે વાસુદેવાય'**
**બોલીએ ત્યારે શ્રીકૃષ્ણનું ચિત્રપટ હાજર કરી એમને દિલથી નમસ્કાર કરીએ.**





# ૐ નમઃ શિવાય

**શિવ એટલે કલ્યાણ સ્વરૂપ. આ દુનિયામાં જે કલ્યાણ સ્વરૂપ થયેલા હોય, જીવતા હોય, બીજાને કલ્યાણનો માર્ગ બતાવતા હોય, તેમને શિવ કહેવાય. એટલે કે 'જ્ઞાની પુરુષ' ને આમાં નમસ્કાર કરીએ છીએ.**

ચાલો, એક મજાનું સુડોકુ રમીએ. શિવ-મંદિરેથી આપણે ચાર ત્રિશુલ, ચાર ૐ, ચાર શિવલિંગ અને ચાર ડમરું લાવ્યા છીએ. આ બધી જ વસ્તુઓને નીચે આપેલા ચોરસ ખાનાઓમાં એવી રીતે ગોઠવો કે એક પણ વસ્તુ કોઈ પણ 'રૉ' માં (સીધી હરોળ) કે 'કોલમ' માં (ઉભી હરોળ) એકથી વધુ વાર ના આવે. ચોરસ ખાનાઓમાં તમે વસ્તુઓના નામ લખી શકો છો અથવા એમના ચિત્ર દોરી શકો છો. તો તૈયાર છો ?





# જય સચ્ચિદાનંદ

**જય એટલે ગુણ ગાવા.**
**સત્ એટલે અવિનાશી.**
**ચિત્ એટલે જ્ઞાન અને દર્શન.**
**આનંદ એટલે પરમાનંદ.**

જ્યાં અવિનાશી જ્ઞાન-દર્શન હોય, ત્યાં આનંદ હોય જ.

જ્યારે આપણે સચ્ચિદાનંદ બોલીએ, ત્યારે આપણે સામેવાળાની અંદર બેઠેલા ભગવાનને નમસ્કાર કરી, એમના આ ગુણોની પ્રશંસા કરીએ છીએ.

આ ત્રિમંત્ર છે, એમાં આ પહેલું જૈન લોકોનું છે, આ વાસુદેવનું અને આ શિવનું છે. અને આ સચ્ચિદાનંદમાં બધા મુસ્લિમ, યુરોપિયન બધાય આવી ગયા.

એટલે સચ્ચિદાનંદમાં બધાય લોકોના મંત્રો આવી જાય છે.

# ઐતિહાસિક ગૌરવગાથા

રાજગૃહી નગરીના શ્રેણિક મહારાજાએ એક ભવ્ય ચિત્રશાળાનું બાંધકામ શરૂ કરાવ્યું. આ બાંધકામ પ્રખ્યાત શિલ્પીઓને સોંપવામાં આવ્યું. શિલ્પીઓ અને કડીયાઓ પથ્થરોને નવું જીવન આપવામાં વ્યસ્ત હતા. ચિત્રશાળાનો આલીશાન દરવાજો બની રહ્યો હતો. અચાનક એક આશ્ચર્યજનક ઘટના બની.

દરવાજો દિવસ દરમિયાન બનાવવામાં આવતો અને રાત્રે તે કકડભૂસ થઈને ભાંગી પડતો. કોઈને આનું કારણ સમજાતું નહોતું. રોજ કામ ફરી આરંભ થતું અને આગલા દિવસ કરતા વધુ ભવ્ય દ્વાર બનીને તૈયાર થતો. પણ રાત પડે એટલે એ દરવાજો તૂટી જતો.

રાજા શ્રેણિકે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક સભાનું આયોજન કર્યું. રાજ્યના પ્રસિદ્ધ શિલ્પકારો, ગુપ્તચરો, ગ્રંથોના જાણકાર, જ્યોતિષી વગેરેને આ સભામાં બોલાવ્યા.

"શું કારણ છે કે આ દરવાજો રોજ રાત્રે ભાંગી પડે છે ?" રાજાએ સભાને પૂછ્યું.

અંદરો અંદર ચર્ચા વિચારણા કર્યા બાદ પુરોહિતજીએ રાજાને જણાવ્યું, "દરવાજાનું પડી ભાંગવું એ ખરાબ નિશાની છે. એનો મતબલ એમ છે કે કોઈ દેવતા નારાજ છે. તેથી આપણું રાજ્ય અને રાજા જોખમમાં છે."

આ સાંભળી રાજાને ચિંતા થઈ, "તો પછી એનો ઉપાય શું?"

"રાજન, યજ્ઞ જ આનો ઉત્તમ ઉપાય છે. જો કોઈ સદગુણી બાળક એ દેવતાને અર્પણ કરવામાં આવે તો આ મુસબીત ટળી જશે," પુરોહિતજીએ રાજાને સૂચવ્યું.

રાજાએ રાજ્યમાં ઘોષણા કરવાનો આદેશ આપ્યો.

સિપાહીઓએ ઠેર ઠેર ઢંઢેરો પીટ્યો, "રાજગૃહીના પ્રજાજનો !! ધ્યાનથી સાંભળો. આપણા રાજા એક મોટો યજ્ઞ ગોઠવવાના છે. જે માતા પિતા પોતાના ઉત્તમ ગુણવાળા બાળકને આહુતિ રૂપે દેવતાને અર્પણ કરશે તેમને બાળકના વજન જેટલું સોનું આપવામાં આવશે."

એક ગરીબ બ્રાહ્મણની પત્ની ભદ્રાએ આ ઘોષણા સાંભળી. એણે વિચાર્યું કે, "ગરીબીના કારણે અમારું જીવન ખૂબ જ દુ:ખી છે. મારે છ બાળકો છે. જો હું એક



બાળક દેવતાને અર્પણ કરી દઉં તો શું ફરક પડશે ! અમારી બધી જ ગરીબાઈ જતી રહેશે અને પરિવારના અન્ય લોકો ખુશી ખુશી જીવી શકશે.''

આમ વિચારીને ભદ્રાએ પોતાના સૌથી નાના દીકરા અમર કુમારને રાજાને સોંપી દેવાનો નિર્ણય કર્યો.

સિપાહીઓ અમરકુમારને ઘરે તેડવા આવ્યા. બાળકે જ્યારે કારણ જાણ્યું ત્યારે તે ખૂબ જ ગભરાઈ ગયો. એણે પોતાની માતાજીને ખૂબ આજીજી કરી. ''માતા, મારી જીંદગી આમ અર્પણ ના કરો. મને મૃત્યુથી ખૂબ જ ડર લાગે છે. હું મોટો થઈને ઘણું કમાઈશ અને તમારી ચાકરી કરીશ.''

ભદ્રાએ મોઢું ફેરવી લીધું અને સિપાહીઓ જબરદસ્તી બાળકને રાજમહેલમાં તેડી ગયા.

અમરકુમારે પરિવારજનોને અને નગરજનોને પોતાને બચાવી લેવા માટે ખૂબ આજીજી કરી. પણ કોઈએ બાળકની એક ના સાંભળી.



રાજમહેલમાં પહોંચી અમરના વજન સમાન સોનાના સિક્કા તેની માતા ભદ્રાને આપવામાં આવ્યા. અમરને નવડાવ્યો, પીતાંબર પહેરાવ્યું, તેના ગળામાં કરેણના ફૂલની માળાઓ નાંખી અને હવન સામે ઊભો રાખ્યો. પુરોહિતજી આંખો મીંચીને મંત્રોચ્ચાર કરવા લાગ્યા.

નાનકડો અમર ખૂબ જ નિરાશ થઈ ગયો. એને આંખો મીંચી ત્યાં તો એક મહાપુરુષની આકૃતિ એની આંખો આગળ ખડી થઈ ગઈ. એક વખત અમરને એક સાધુનો ભેટો થયો હતો. અને તેમણે અમરને કહ્યું હતું, '' અમરકુમાર, મહામંત્ર નવકાર મંત્ર એ સર્વ દુઃખોનો નાશ કરનાર છે ! સંકટ સમયે આ મંત્રનું સ્મરણ કરવાથી બધી જ મુશ્કેલીઓ દૂર થાય છે.''

અમરે મનમાં નવકાર મંત્રનું રટણ શરૂ કર્યું. 'નમો અરિહંતાણં....નમો સિદ્ધાણં....'

સિપાહીઓએ અમરને ઊંચકીને ચિત્તા પર બેસાડ્યો. પુરોહિતજીએ મંત્રોચ્ચાર કરીને અગ્નિ જલાવી.

પણ ત્યાં તો એક ચમત્કાર થયો. જે જ્વાળા દૂર દૂર સુધી ઊભેલા લોકોને ગરમી પહોંચાડતી હતી તે

અમર કુમારને શીતળ લાગી. અને ધીરે ધીરે અગ્નિ ઓલવાઈ ગઈ. પુરોહિતજીએ ઘી ઉમેરીને ફરી અગ્નિ પ્રગટાવવાની કોશિશ કરી પણ તેમનો હાથ હવામાં જ રહી ગયો. બધા જ વિદ્વાનો આશ્ચર્યચકિત થઈ ગયા. એક દૈવી સિંહાસન પ્રગટ થયું અને અમરકુમાર એના પર બિરાજેલા દેખાયા.

" અદ્‌ભૂત ! આ બાળક કોઈ દૈવી જીવ છે !" પુરોહિતજી બોલી ઊઠ્યા. રાજા શ્રેણિક અને ત્યાં ઉપસ્થિત સર્વે આશ્ચર્યચકિત થઈને અમરકુમારને જોઈ રહ્યા.

રાજા શ્રેણિક અમરકુમારના પગે પડીને બોલ્યા, "કૃપા કરીને મને ક્ષમા કરો. આજથી તમે આ રાજ્યના રાજા અને હું તમારો સેવક !"

અમરકુમારે કહ્યું "હે રાજન, મેં આ જગતમાં સહુનો પ્રેમ ચાખી લીધો. મુશ્કેલીના સમયમાં કોઈએ મારું રક્ષણ ના કર્યું. ફક્ત આ મહામંત્ર જ મને નિસ્વાર્થ રક્ષણ આપનારો બન્યો. મારે કોઈ રાજ્ય નથી જોઈતું."

શ્રેણિક રાજાએ અમરકુમારને મંત્ર વિશે પૂછ્યું, "કુમાર, તમે એવા તે કેવા મંત્રોનો જાપ કર્યો કે જેણે અગ્નિ પણ સમાવી દીધી ? અમે દિવસ દરમિયાન જે ભવ્ય કામ કરીએ છીએ તે રાત્રે પડી ભાંગે છે. આનો કોઈ ઉપાય જણાવો."

અમરકુમારે જવાબ આપ્યો, "રાજાજી, એક મહાપુરુષે મને શીખવ્યું હતું કે સંસારમાં કોઈ પણ મંત્ર, નવકાર મંત્ર કરતાં ઊંચો નથી. એનું રટણ કરવાથી બધા જ જોખમો ટળી જાય છે. તમે પણ એ મંત્રનો શ્રદ્ધાથી ઉપયોગ કરો."

આટલું કહીને, અમરકુમાર એ મહાપુરુષની શોધમાં નીકળી પડ્યા.

રાજાએ તરત જ મંત્રીઓને આદેશ આપ્યો, "આજે જ સોનાના અક્ષરોમાં નવકાર મંત્ર કોતરાવીને ચિત્રશાળાના મુખ્ય દ્વાર પર લગાવડાવો."

ત્યારબાદ, એ આલીશાન ચિત્રશાળાના બાંધકામમાં કોઈ અડચણ ના આવી.


## જવાબ





તો હવે મંગલાણં ચ સવ્વેસિં એટલે શું ?

- બધા જ મંત્રોમાં આ મંત્ર સૌથી વધુ કલ્યાણકારી છે.








Akram Express

August 2020
Year : 12, Issue : 12
Conti. Issue No.: 144

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# ત્રિમંત્ર

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલં
ૐ નમો ભગવતે વાસુદેવાય
ૐ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.